# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3651-8 તારીખ: 28/5/19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
જશુભા જોરૂભા સોઢા વતી જોરૂભા શિવુભા સોઢા
કંદોઈ શેરી,
મું. પો. : જોડિયા - 361250, તા. : જોડિયા , જી. : જામનગર,
મોબાઈલ : ૯૦૮૧૭ ૩૦૮૦૩

વિષય : વીજલાઇન સમારકામ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૨-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

HC

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જામનગર ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જોડીયા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા–૧/૨૦૧૯–૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૩/ક્વા–૧/૨૦૧૯–૨૦

| | |
|---|---|
| **અરજદાર:** | **જશુભા જોરુભા સોઢા વતી જોરુભા શિવુભા સોઢા ગામ: જોડિયા** |
| **રજૂઆત કરનાર:** | **અરજદાર હાજર રહેલ નથી.** |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| **સામાવાળા:** | **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય** |
| **રજૂઆત કરનાર:** | **એન.પી.શાહ કાર્યપાલક ઇજનેર વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય** |

## :: કોરમ ::

**૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,**

**૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| **સુનાવણી સ્થળ:** | **કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર** |
| **તારીખ:** | **૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)** |

**૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર જશુભા જોરુભા સોઢા વતી જોરુભા શિવુભા સોઢા ગામ : જોડિયા તેઓ ગામ કેશીયા તા. જોડીયા ના** સર્વે નંબરઃ ૩૭૩ મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૨૮–૦૬–૨૦૦૩ ની અરજી સાથે આધારો રજુ કરેલ, જે અન્વયે તા.૧૮–૦૪–૧૪ ના રોજ વીજજોડાણ મંજુર થતા, જોડીયા પેટા વિભાગીય કચેરી ના રજીસ્ટર પત્ર નં. જેડીવાય/ ટેક/ ૨૮૬ તા.૧૯–૦૪–૧૪ થી અરજદાર ને તેઓની અરજી નોંધણી થયા મુજબ – જી.પી. રજીસ્ટરઃ ૧૧૩/૦૩ અને સર્વે નંબરઃ ૫૬ પૈકી ૧ મા માંગેલ ખેતીવાડી વીજજોડાણ અન્વયે નવા દસ્તાવેજીક પેપર્સ દિન–૦૭ મા રજુ કરવા જાણકારી આપેલ. જે પત્રમાં નામ જશુભા જોરૂભા સોઢા, ગામઃ કેશીયા ઠે.ચોરા શેરી, તા.જોડીયા દર્શાવેલ છે.

ઉપરોક્ત બાબતે હકીકતમાં ફરીયાદી અરજદારની ખેતીવાડી ની જમીન રે. સર્વે નંબરઃ ૩૭૩ છે, અને નામ જશુબા જોરૂભા સોઢા, ગામઃ જોડીયા કંદોઈ શેરી છે. આમ, તેઓના વીજજોડાણ મંજુર ન થાય, તેથી તેઓના ફોર્મમાં ચેડા કરવામા આવેલ છે. સદર વીજજોડાણ વર્ષ–૨૦૧૪ મા મંજુર થતા –૧૧ વીજપોલ નાખવાની મંજુરી હોવા છતા, ૦૯ વીજપોલ ઉભા કરેલ છે. જેથી બે થાંભલા વચ્ચે નિયમ મુજબ અંતર વધી જવાથી વીજવાયરો ખુબજ નીચા આવી ગયેલ છે. તેમજ, વીજપોલ ત્રાસા થઈ ગયેલ છે. જેથી, ગમે ત્યારે વીજવાયર અને વીજપોલ તુટી જવાની શકયતા હોય, મોટી જાનહાની સર્જાય તેની પૂરી શકયતા છે. સદર વીજજોડાણ માટે વીજપોલ ઉભા કરવાની કામગીરી અરજદાર ની

ગેરહાજરીમાં થયેલ છે. જેથી, અરજદારે સદર વીજવાયર અને વીજપોલ ની કામગીરી નિયમાધીન કરવા અને સર્વે નંબર, તેઓના આધાર—પુરાવા મુજબ સુધારવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી જશુબા જોરૂભા સોઢા રહેવાસી ગામ જોડીયાની ખેતીવાડી જોડીયા તાલુકાના કેશીયા ગામે આવેલ છે. આ તેમની વાડીમાં વર્ષ ૨૦૧૪ માં ખેતીવાડી નવુ વિજ કનેકશન આપવામાં આવેલ છે. જે વિજ લાઇનના વાયર ઢીલા પડી ગયેલ છે, તે લાઇનના વાયર ખેંચી અને મેન્ટેનન્સ કરવા માટેની તેમની ફરીયાદ હતી. તેના નિરાકારણ રૂપે જોડીયા પેટા વિભાગ દ્વારા સદર બાબતની ખરાઇ કરી તારીખ ૦૧.૦૫.૨૦૧૯ નાં રોજ સદર એચ.ટી. લાઇનના બે નમી ગયેલ પોલમાં ઘાય મારી સીધા કરી આપેલ છે. તેમજ બે પોલ વચ્ચે લાંબો ગાળો હોવાથી એક નવો પોલ ઉભો કરી બધાં વાયરો ખેચી આપેલ છે. સદર લાઇનનુ સંપુર્ણ મેન્ટેનન્સ કામ સંતોષકારક રીતે તા. ૦૪.૦૫.૨૦૧૯ નાં રોજ પુર્ણ કરી આપેલ છે. સદર લાઇન મરામત કરી તેમની ફરીયાદનુ કાયમી ધોરણે નિરાકારણ કરેલ છે. સદર ફરીયાદના નિરાકારણ સબબ અરજદારના પતી શ્રી જોરૂભા શિવુભા સોઢાએ સમાધાન પુરસીસમાં પણ સહી કરી આપેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. આ બાબતે હાલ ગ્રાહકની ફરીયાદનુ સતોષકારક નિરાકારણ થયેલ હોય હવે આ બાબતે કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.0 અને પેરા નં 3.0 અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૧૭–૦૫–૧૯ થી લેખીત સંમંતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot